# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૪૮ • સળંગ અંક : ૯૯ • તા. ૨ મે ૨૦૨૦ થી ૮ મે ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## સમસ્ત મહાજનની યુવા ટીમ પ્રસ્તુત

## Muskurayega INDIA





બીજાની ભુલ કાઢવા
માટે ભેજું જોઈએ
પોતાની ભુલ સ્વીકારવા
માટે કલેજું જોઈએ



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જીવનભરની અતૂટ ભાગીદારી-દાંપત્યજીવન

વીતી ગયેલા જમાનાનો રિવાજ હતો બાલવયે જ વડીલો આપસમાં સંતાનોના સગપણ નક્કી કરી લેતા. એવું પણ વાંચ્યુ, સાંભળ્યું છે કે બે મિત્રો કે સ્નેહીઓ પોતાની પત્નીઓને દીકરો કે દીકરી જન્મે તો વેવાઈ સંબંધે જોડાવુ એવું સંતાનોના જન્મ પહેલાં નક્કી કરી લેતા. આપણા વડીલો પોતાના જમાનાને યાદ કરી કહેતાં તેમના સગપણ સામે વાળા પાત્ર એકબીજાને જોવા ન હોય એ છતાં વડીલો કુટુંબની ખાનદાની, શાખને જોઈ કરી નાખતા. અગાઉ ઘરના વડીલો તો ઠીક પડોશનાને ગામના વડીલોની આમન્યા જાળવી ગામમાં પરણી આવેલી વહુઆરો લાજ કાઢતી, પરિવારની નવોઢા કૂવા કે તળાવે પાણી ભરવા ગામ વચાળેથી જાય તો પણ ચોતરે બેઠેલા વૃદ્ધો, શેરી નાકે, દુકાન ઓટલે બેઠેલા વડીલોની આમન્ય છાતી સુધી ઘૂમટો તાણીને કરતી.

લગ્ન બંધને જોડાતા બંન્ને પાત્રો. એકબીજાના ચહેરા પરણ્યાની પહેલી રાતે જોવા પામતા. એ આજની પેઢીને નવાઈ લાગે. આજે તો સગાઈ બાંધતા પહેલાં પરિવારો એક બે વાર મિટીંગ કરે પછી બન્ને પાત્રો એક મેક સાથે એકથી વધુ વાર લાંબી મિટીંગ કરી સામેવાળાનો સ્વભાવ, શોખ, વિચારો જાણે. આ બધી પ્રક્રિયા પછી સંબંધ બંધાય.

લાંબી માથામણ, અથાગ વિચારણા પછી બંન્ને પરિવારો આપસમાં સંબંધે જોડાય. તે છતાંય લગ્નજીવન તૂટવાના કિસ્સા દરેક સમાજમાં થતાં હોય છે. શું દરેકની સમજણ શક્તિ, સહનશક્તિ ખૂટી ગઈ છે ? કે લગ્નજીવનને જાણવાનો, માણવાનો ભાવ બદલાઈ ગયો છે. લગ્નજીવન તૂટવાના વિવિધ કિસ્સામાં જુદા જુદા કારણો હોય છે. કોઈક વાર એકબીજાની અપેક્ષા, તો ક્યાંક ઉપેક્ષા જવાબદાર હોય છે. દાંપત્યજીવનમાં સમર્પિત ભાવ અને એકબીજા પ્રત્યે સમભાવ હોવા ખૂબ જ જરૂરી છે. આજે શિક્ષણ વધયું છે પણ સમજણ ઓછી થતી ગઈ છે. અલગ અલગ પરિવારોથી આવતી વ્યક્તિના વાણી-વિચાર-વર્તન અને સમજણમાં ઘણું અંતર હોય છે. જે એકબીજાને સમતોલ પણે સમજીને આ અંતર દૂર કરવાનો નક્કર પ્રયાસ કે મતભેદ હોય છે. જે એકબીજાને સમતોલ પણે સમજીને આ અંતર દૂર કરવાનો નક્કર પ્રયાસ કે મતભેદ કે વિપરીત પરિસ્થિતિમાં પણ સામેવાળા પાત્ર સાથે મનમેળ રાખીને સંબંધમાં સમતુલા જાળવવાનો પ્રયાસ કરવો ખૂબ આવશ્યક હોય છે. પરસ્પરને સમજવાની વૃત્તિ, સહનશીલતા અને ધીરજ બન્ને પાત્રોમાં હોવા જરૂરી છે. આજે જ્યારે લગ્નજીવનમાં તિરાડ થવાના કિસ્સા વધતા જાય છે ત્યારે દાંપત્યજીવનને ટકાવવા માટે વ્યક્તિગત અહમને કોરાણે મૂકવાની તાતી જરૂરીઆત છે. આ સમજનો પ્રયત્ન કરીએ એ ઉપર નિરાંતે વિચારીએ.

દરેક દંપતિઓનું સહજીવનની યાત્રા એખકમ સરળ અને સુખદ નથી હોતી. એમ વિકટ પરિસ્થિતિ, ઉબડ ખાબડને કાંટાળો પંથ પણ પસાર કરવો પડે છે. જે એકબીજાના સાથ, વિશ્વાસ, સમજણ અને નિતાંત સમર્પણના લીધે જ સુખરૂપ પસાર થાય છે. એટલે જ કોઈ ચિંતકે કહ્યું છે લગ્નજીવન એટલે એકબીજાની સંગાથે યુવાનીથી વૃદ્ધાવસ્થા સુધીનો સમજણનો પ્રવાસ.

– જય જ્ઞાતિમૈયા

# આ સમય સંકટ ભર્યો છે અને નવા આવિષ્કારનો છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

હાલે સમગ્ર વિશ્વ સાથે દેશમાં કોરોના વાઈરસને કારણે અભૂતપૂર્વનું સંકટ છે. ક્યારે અટક્યું ન હોય એ યંત્ર, ચક્ર અને સમયનો વેગ જાણે થંભી ગયો છે. હા, મુશ્કેલીઓ સામે દેખાય છે, છતાં થોભી જવું, થંભી જવું પરવડે એવું નથી.

નવા મોડર્ન ટેક્નોલોજીના સાધનો ઉપયોગમાં લઈ સતત સૌ સાથે સંવાદ કરી આપણા કામને આગળ કેમ ધપાવવું એનો વિચાર કરવું રહ્યું. વિવિધ વિષયોના નિષ્ણાતોનું માર્ગદર્શન, અનુભવ અને જ્ઞાન ભરી સમજણથી નવી દિશા બનાવીએ એમાં સૌનું હિત છે.

આ પ્રયોગ રૂપે જન્મ થયો વેબિનારનો. સૌ પ્રથમવાર આની શરૂઆત થઈ અને સફળતા મળી. સમસ્ત મહાજનની પહેલથી આને લીધે નવી દિશા ખુલ્લી છે.

આવો આપણે સૌ સાથે મળી આગળ વધીએ.



# સમસ્ત મહાજનની યુવા ટીમ પ્રસ્તુત
# મુસ્કુરાયેગા ઈન્ડિયા




શ્રી સમસ્ત ક.દ.ઓ જૈન મહાજનની યુવા કમિટીના ચેરમેન તેજસ મહેન્દ્ર ખોના જખૌ ભાંડુપ દ્વારા ૩-૩૧ મિનીટની વિડીયો ક્લીપ ઈન્સ્ટ્રાગ્રામ પર રીલીઝ કરાઈ છે. જેમાં હાલે સમગ્ર દેશમાં કોરોનાનો કેર વધતા ઓછા પ્રમાણમાં સર્વત્ર પ્રસરેલો છે, સૌના મનમાં ભવિષ્ય વિષે ઉચાટ છે. કાલે શું પરિસ્થિતિ હશે એની કોઈ કલ્પના કરી શકાતી નથી. આવી વિકટ પરિસ્થિતિમાં આશા ઉમ્મીદ અને સંગઠનની ભાવનાથી નાત, જાત, ધર્મ, પંથ, સંપ્રદાયના ભેદભાવ નેવે મૂકીને દેશવાસીઓ એકબીજાને હાથ આપી, સાથ આપીને એક લક્ષ્યના પ્રયાસ કરાશે તો જરૂર સફળતા મળશે.



ડોક્ટર, નર્સ, પેરા મેડિકલ સ્ટાફ, પોલીસ ડિપાર્ટમેન્ટ, સફાઈ કર્મચારીઓ, બેંક કર્મચારીઓ ઈત્યાદિ અતિ ભયંકર રોગચાળાના વાતાવરણ છતાં ફરજ રત છે. એમને સલામી આપતો અને દેશવાસીઓનો હોંસલો બુલંદ કરતો ગાન મુસ્કુરાયેગા ઈન્ડિયા શીર્ષક તળે દેશના વિવિધ શહેરોના કે.ડી.ઓ. યુવા-યુવતીઓના અલગ અલગ પોઝને એકસૂત્ર પરોવી. 'ફિર શહેરોમેં રોનક આયેગી, ફિરસે ગાંવોમેં લોટેગી હંસી, ફિરસે સૌ સાથ હોંગે સારે, ના હોગી કોઈ પાબંધી..' જો સાથ દે સારા ઈન્ડિયા, મુસ્કરાયેગા ઈન્ડિયા' જેવા ઉત્સાહક વર્ધક બોલ, સૂરતાલ ભર્યું મ્યુઝિક અને વિવિધ અંગ ભંગિમા સાથે એકશન બધ્ધ જ્ઞાતિની યુવા પેઢીનું કામ આ વિડીયોમાં બખૂબી નિખરી ઉઠ્યું છે.

વિડીયોના એડીટર વિરલ મોતા તથા ડિરેક્ટર છે કુશ નાગડા. વિડીયોના પ્રારંભે સ્યોર સેફ્ટી કાં.ના ડાયરેક્ટર અને સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથ દંડને કોરોના વાયરસ સામે લડવા તેમની કાં. દ્વારા ઉત્પાદિત પીપીઈ પર્સનલ પ્રોટેશન ઈકવીપ્મેન્ટની ૬૦ હજારથી વધુ કીટ ડિલેવરી કેન્દ્ર સરકારના હેલ્થ મિનિસ્ટ્રી, ડિફેન્સ મિનિસ્ટ્રી અને ગુજરાત સરકારને આપી છે. જે માટે તેમના દેશ સેવાના આ કાર્ય માટે સેલ્યુટ કરાઈ છે.

# સમસ્ત મહાજન યુવા શક્તિનો લોકડાઉનમાં સમયનો સર્જનાત્મક અને નવીન ઉપયોગ




યુવાધને યોગ, ઝુંબા અને ફિટનેસ વિષયથી સમાજના દરેક વર્ગને એક નવી દિશા આપી સમય નો સદઉપયોગ સમજાવ્યો.

સમાજના દરેક વર્ગે અમારી આ પહેલનો સ્વીકાર કર્યો અને અમને યુવાધનમાં છુપાયેલા ટેલેન્ટ, પ્રતિભાને બહાર લાવવા પ્રોત્સાહન પૂરું પાડ્યું.

સમાજ દ્વારા મળેલ પ્રોત્સાહનથી પ્રેરિત થઈ અમોએ અલગ અલગ વિષય જેવા કે કુકિંગ, પેઇન્ટિંગ, ક્રાફ્ટ તથા અન્ય વિષયોમાં છુપાયેલ યુવાધનના ટેલેન્ટ, પ્રતિભાને બહાર લાવવાની કોશિશ કરી અને સફળતા પણ મેળવી.

સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મ દ્વારા અમો અલગ અલગ શહેરના યુવાધનથી શંકલાયેલા રહ્યા.

યુવાનોના આવા ઉત્તમ પ્રતિસાદથી અમે અભિભૂત થઈએ છીએ જેઓ આગળ આવ્યા હતા અને તેમની પ્રતિભા દર્શાવી હતી. આ લોકડાઉન અમને જાણવા મળ્યું કે આપણા સમુદાયની યુથમાં છુપાયેલી પ્રતિભા છે, જેણે તમામને મનોરંજન રાખવા માટે ૪૦ થી વધુ જુદા જુદા સત્રો યોજવામાં અમને મદદ કરી.

**સમગ્ર ભારતના કેડીઓના યુવાધનમા છુપાયેલા ટેલેન્ટની આછી ઝલક**

૧) યોગ સત્રો - ઓનલાઇન યોગ કરિશ્મા મોમાયા અને પ્રીતિ ગીતેશ શાહ

સૂર્ય નમસ્કાર, બેડ ટાઇમ યોગ, પ્રાણાયામ, અનુલોમ વિયોમ, પાવન મુક્તાસન, સ્વાશાના માર્ગ સુધી વગેરેથી ૮ યોગ સત્રો કર્યા.

૨) ઝુમ્બા સત્રો અને સહનશક્તિ બિલ્ડઅપ સત્રો કરિશ્મા પટેલ દ્વારા યોજવામાં આવ્યા હતા. તેણીએ દરેક ઉંમર ના જ્ઞાતિજમોતિજનો માટેના મૂળ સ્ટેપ્સથી શરૂઆત કરી, લગભગ ૧૫-૨૦ સ્ટેપ્સ શીખવ્યા અને પછી એક પંજાબી ગીત પર પંજાબી ઝુમ્બાથી પ્રારંભ કર્યો.

અમે અત્યાર સુધીમાં ૬ ઝુમ્બા સત્રો યોજ્યા છે

૩) રસોઈ સત્રો - આ ક્વોરેન્ટાઇનમાં અમને ખાતરી છે કે તમારામાંથી મોટાભાગના લોકોએ રસોઈ બનાવવાનો પ્રયત્ન કર્યો છે, તેથી અમે સરળ વાનગીઓથી પ્રારંભ કરવાનું વિચાર્યું. આ રસોઈ સત્રો યુવા દ્વારા જુદા જુદા શહેરોમાંથી લેવામાં આવ્યા હતા.

★ ડેઝી લોડાયા દ્વારા આધુનિક રસોઈ (સમર મોકટેલ્સ).
★ ડેઝી લોડાયા દ્વારા મેક્સીકન સાલસા અને યોગર્ટ ડીપ
★ યાત્રી મૈશેરી દ્વારા મેક્સીકન સેવ પુરી
★ યાત્રી મૈશેરી દ્વારા બ્રેડ લોફ

# સમસ્ત મહાજન યુવા શક્તિનો લોકડાઉનમાં સમયનો સર્જનાત્મક અને નવીન ઉપયોગ








★ બિસ્કીટ કેક આરના પ્રિન્સ શાહ દ્વારા
★ ધારિની શાહ દ્વારા દલગોના કોફી
★ તેજલ ખોના અને હિરલ છેડા દ્વારા વેજ સિઝલર
★ ડેઝી શાહ દ્વારા ચોકલેટ ચિપ કુકી

અમે અત્યાર સુધીમાં ૮ રસોઈ સત્રો યોજ્યા છે

★ ફિટનેસ સત્રો - આ લોકડાઉન દરમિયાન અમારી પાસે ફિટનેસ પડકાર હતો.

★ યશ શાહ દ્વારા ફેટ બર્નિંગ
★ મહિમા પટેલ દ્વારા પુશઅપ ચેલેન્જ
★ યશ શાહ દ્વારા ૨૦ પ્રકારના પુશ અપ્સ
★ ફિટનેસ સ્કિલ્સ

કુલ અમે અત્યાર સુધી ૪ ફિટ ઊંમજ્ઞ સત્રો હાથ ધર્યા છે

૫) કલા અને ક્રાફ્ટ સત્રો - અમે તમારો મનોરંજન રાખવા માટે અમારા યુથની કેટલીક આશ્ચર્યજનક કલા અને ક્રાફ્ટ કુશળતા પણ શેર કરી છે.

★ હિતાંશી લોડાયા દ્વારા પેઇન્ટિંગ
★ દિવસ અને નાઇટ પેઇન્ટિંગ ઝર્ના નાગડા દ્વારા
★ ડિમ્પલ શાહ દ્વારા ફ્રી હેન્ડ ડ્રોઈંગ
★ ઝર્ના નાગડા દ્વારા સંદેશ સાથે પેઇન્ટિંગ
★ ભવ્ય લોડાયા દ્વારા ફ્લૂઈડ કલા
★ હિતાશી લોડાયા દ્વારા ફ્રી હેન્ડ પેઇન્ટિંગ
★ ધ્રુવી મોમાયા દ્વારા ગિફ્ટ રેપિંગ
★ બાળકો માટે ક્રિએટિવ પઝલ
★ યાત્રી શાહ દ્વારા ફ્રી હેન્ડ ડ્રોઈંગ
★ અન્વી પટેલ દ્વારા ડીઆઈવાય માસ્ક

કુલ અમે અત્યાર સુધીમાં ૧૧ આર્ટ સેશન કર્યા.

૬) મનોરંજન સત્રો



# સમસ્ત મહાજન યુવા શક્તિનો લોકડાઉનમાં સમયનો સર્જનાત્મક અને નવીન ઉપયોગ



★ અદિતિ શાહ દ્વારા સિંગિંગ

અમે અત્યાર સુધીમાં કુલ સિંગીંગ સત્રનું આયોજન કર્યું છે.

★ તેણે તેના એક ગીતમાં તમામ કોરોના લડવૈયાઓને સલામી આપી હતી.

૭) અમારા સમુદાયની પ્રથમ લાઇવ કોન્સર્ટ – સેલ્વિન સંતમેજર દ્વારા ૫ એપ્રિલના રોજ ઇન્સ્ટાગ્રામ લાઇવ કોન્સર્ટ આયોજન કરવામાં આવ્યું હતું, અમે ખૂબ જ ખુશ છીએ કે લાઇવ કોન્સર્ટ મા લોકો ભારતભરથી ભાગ લીધું.

૮) મુસ્કુરાયેગા ઈન્ડિયા એ સમગ્ર ભારતના અમારા યુવાનો દ્વારા તમામ કોરોના ફાઇટર્સ અને હીરોઝને એક સલામી વિડિઓ.

આ વિડિઓને ૧૦,૦૦૦ થી વધુ લોકોએ જોયો છે. આ સુંદર અને કલાત્મક કર્યો માટે અમને પ્રોત્સાહન આપનાર અને ઉત્સાહભેર ભાગ લેનાર સર્વે ના આભારી છીએ. સમસ્ત મહાજન યુવા શક્તિ આપને વિશ્વાસ અપાવે છે કે સમાજના દરેક વર્ગ માટે આવી સર્જનાત્મક પ્રવૃત્તિ સમયાતરે આપ સમક્ષ પ્રસ્તુત કરતા રહીશું

નમ્ર વિનંતી કે સહુ ઘરે રહો, સુરક્ષિત રહો, સ્વસ્થ રહો

ચાલો એક સાથે કોરોનાથી લડીએ.







# KDO WARRIORS AGAINST COVID-19

# મલ્લિકા દંડ અને મિત્રો દ્વારા ૩૫૦૦૦ માસ્ક વિતરણ કરવાનું પ્રેરણાદાયક સેવાકાર્ય



લોકડાઉનના લીધે વેકેશન લંબાતા સ્કૂલ અને કોલેજના ઘણખરા વિદ્યાર્થીઓ કાં તો સોશિઅલ મીડિયામાં ખૂંપેલા હોય કાં તો ઓનલાઈન ગેમ રમવામાં વ્યસ્ત રહેતા હોય છે. પરંતુ વડોદરાના ત્રણ ટીનએજરોએ તેમણે મળેલા આ સમયનો સદ્ઉપયોગ ૨૦ મહિલાઓને રોજગાર આપાવવામાં તેમજ જરૂરતમંદ લોકોને માસ્કનું વિતરણ કરવાનો નિર્ણય કર્યો અને સાચી લગનથી તેને પાર પાડ્યો.

આ વર્ષે જ ૧૨મા ધોરણની પરીક્ષા આપનારી ક.દ.ઓ. જ્ઞાતિની મલ્લિકા દંડ અને તેની મિત્રોએ સાથે મળીને સગાસંબંધી, સ્નેહીઓ તેમજ લોકો પાસેથી મેળવેલા ફંડમાંથી અત્યાર સુધી ૩૫,૦૦૦ માસ્ક બનાવડાવીને જરૂરતમંદ લોકોમાં વિતરણ કર્યું છે.

આ અંગે માહિતી આપતાં મલ્લિકા કહે છે, હું અને મારા પપ્પા અત્યારે પ્રવર્તતી કોરોનાની પરિસ્થિતિમાં સલામત રહેવા માટે માસ્કની અગત્યતા વિષે તેમજ શાકભાજી વેચતા ફેરિયા કે લોકડાઉનમાં પણ દરરોજ કામ પર જતા મજૂર જેવા ગરીબ લોકોને માસ્ક ખરીદવાનું ન પરવડે એવી ચર્ચા કરતા હતા ત્યારે મને લોકો પાસેથી ફંડ એકઠું કરી, માસ્ક બનાવડાવી ગરીબોમાં વિતરણ કરવાનો વિચાર આવ્યો. આ વિચાર મેં મારા મિત્રો વેલીશા અને નમન સમક્ષ રજુ કર્યો, તેમને પણ ગમ્યો અને અમે તરત એ દિશામાં કામ શરૂ કર્યું.

આ ત્રિપુટીએ પ્રથમ તો આ કાર્ય માટે તેમના માતા-પિતા પાસેથી પૈસા ઉધાર લીધા, તેમાં તેમને મળતા ખિસ્સાખર્ચીના પૈસા ઉમેરીને 'પ્રોજેક્ટ સહયોગ' હેઠળ ૫૦૦૦ માસ્ક બનાવડાવ્યા. પછી અમે નક્કી કર્યું કે આ પ્રોજેક્ટ માટે લોકો પાસેથી ફંડ એકઠું કરવું. અમે લોકોને અમારા સેવાકાર્યની અગત્યતા અને તે કેવી રીતે સમાજને મદદરૂપ થશે તે સમજાવ્યું. અમને મિત્રો અને ઓળખીતાઓ ઉપરાંત અનેક સ્થાનિક તેમજ મુંબઈ અને યુએસએ જેવા દૂરના સ્થળોએથી અજાણ્યા લોકો તરફથી રૂપિયા ૧.૨ લાખ જેટલું ફંડ મળ્યું. અમુક સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલી મહિલાઓ દ્વારા અમે સીવણકામ કરતી મહિલાઓનો સંપર્ક કર્યો જેથી આ લોકડાઉનના સમયમાં તેમને પણ રોજગાર મળે.

મલ્લિકા દંડના મિત્રની મમ્મી ફેશન ડીઝાઇનર છે તેથી લોકડાઉનમાં પણ તેમણે મોટા પ્રમાણમાં કપડું મેળવતા મુશ્કેલી ન પડી. માસ્કનું વિતરણ કરવા આ ત્રિપુટી વડોદરા તેમજ તેની આસપાસના કોટના,ભીમપુરા અને અંકોડીયા જેવા ગામોમાં ફરી વળી. તાજેતરમાં તેમણે જિલ્લા પ્રશાસન અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને મોટી સંખ્યામાં માસ્કનું દાન કર્યું.

# KDO WARRIORS AGAINST COVID-19

## ક.દ.ઓ. યુવા કોરોના વોરિયર્સરૂપે અવિરત સેવાકાર્યમાં રત





ઉર્વી લોડાયા, હર્ષિત દંડ, એકતા લોડાયા, પ્રિન્સ ધરમશી અને હેમિલ દંડ જ્ઞાતિના આ પાંચ સેવાભાવી યુવાઓ જ્યારથી લોકડાઉન લાગુ પડ્યું છે તે સાથે સ્વબળે સાયન, માટુંગા, દાદર, તાડદેવ, ચેમ્બુર ઘાટકોપર, ભાંડુપ, કલવા, થાણામાં અંદાજે સાત હજાર ફૂડ પેકેટ અને કૂતરા, બિલાડી જેવા નાના અબોલ જીવોને ૧૭૫થી વધુ લીટર દૂધ આપ્યું છે.

દેશમાં લોકડાઉન-૩ તા. ૧૭મે સુધી લંબાવવાની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા થઈ છે. રોજ રોજ કમાઈ પોતાનો ગુજારો કરતા દીનબંધુઓની કમાઈ બંધ થતાં અને બજારો બંધ હોતાં જીવન આવશ્યક ચીજ વસ્તુઓને અભાવે મુશ્કેલી ભોગવે છે. 'અબતો હમે આગે હૈ બઢના, અબતો શોલા બનકે પથ્થર કો હૈ પીગલાના'. જેવા અતૂટ ભાવથી સેવાનો દાયરો વધુ વિસ્તારવાનો ઈરાદો બનાવ્યો છે.

ચાર વ્યક્તિના પરિવારને સાત દિવસ ચાલી શકે એવી ફૂડ કીટ બનાવી તેઓને આપશે. પ્રત્યેક કીટ રૂ. ૩૫૦ની હશે જો કોઈ આ સેવા કાર્યમાં યોગદાન આપવા ઈચ્છુક હોય તેમણે ઉર્વી લોડાયાનો મો.નં. ૯૭૫૭૪૨૨૮૮૦નો સંપર્ક કરી વિગત જાણી લેવી.

## ભુજ વિસ્તારમાં જરૂરતમંદોને તૈયાર, તાજું, પૌષ્ટિક ભોજન માનવજ્યોતનાં પ્રબોધ મુનવર દ્વારા પહોંચતું કરાય છે

કચ્છના પ્રીન્ટ અને ઈલેટ્રોનિક મિડીયા ગ્રુપ ચંચળ ન્યુઝ દ્વારા કચ્છમાં વિવિધ ઉપયોગી સેવા કરતી. માનવજ્યોત વિષે માહિતી આપતી વિડિયો ક્લિપ તૈયાર કરાઈ છે. જેમાં પ્રબોધ મુનવરના વડપણ હેઠળ ભુજ અને આસપાસના વિસ્તારમાં વસતા જરૂરતમંદ પરિવારોને રોજે રોજ તૈયાર, તાજું અને પૌષ્ટિક ભોજન પહોંચતું કરાય છે. તેની માહિતી અપાઈ છે.

જિલ્લા સેવા સત્તામંડળ તથા પોલીસ વિભાગના સહકાર સાથે આ સેવા પ્રવૃત્તિ કરાઈ રહી છે. માનવજ્યોતને આ લોક સેવા કરવા કબીર રાજ હનુમાન મંદિર મિરઝાપર, વાગડ બે ચોવિસી જૈન સમાજ ગ્રીન સિટી શિવમંદિર ગ્રુપ માધાપર, નાગોર, કોટાય, ઘાણેટી, કુકમાં ગ્રામવાસીઓ, ઢોરી આહિર સમાજ, પાર્શ્વનાથ સોસાયટી નવાવાસ માધાપર ઉપરાંત ભુજના ઉદાર સખી અગ્રણીઓ, વિવિધ સમાજના દાતાઓ માનવજ્યોતને તૈયાર ખોરાક અને ફૂડ પેકેટ પૂરા પાડે છે.

તા. ૨૨ માર્ચ રવિવારનાં જનતા કર્ફ્યુ દરમ્યાન ૩૦૦ વ્યક્તિઓને ફૂડ પેકેટ આપવાથી શરૂઆત કરાઈ હતી. જે આજે ૨૩૦૦ જણને ઉપયોગી સેવા પૂરી પડાય છે. ભુજ સ્વામિનારાયણ મંદિર તથા કબીર મંદિર દ્વારા રસોઈ તેમજ તાજા શાકભાજી માનવજ્યોતને આ સેવા કાર્ય માટે અપાય છે. તો અનેક મહિલામંડળો ઘરબેઠા સુકા નાસ્તાના પેકેટ બનાવી માનવજ્યોતે આપે છે.

આ ફૂડની વિતરણ વ્યવસ્થા પ્રબોધ મુનવર, જીતેન્દ્ર ધારશી શાહ, વિનોદભાઈ મહેતા, મનસુખભાઈ વોરા, રાજેશ મહેતા, રફીકબાવા, નિરવ મોતા, કનૈયાલાલ જોષી, ગુલાબ મોતા, પ્રવીણ ભદ્રા, શંભુભાઈ જોષી, દિપેશ ભાટિયા, આનંદરાય સોની, દિપેશ શાહ અને અક્ષય મોતા વિગેરેની ટીમ જહેમત પૂર્વક સંભાળી રહી છે.

## જૈન માઈનોરિટી સ્કોલરશીપ માટે કુણાલ ડાઘાનું ઉપયોગી માર્ગદર્શન વિડીયો



અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉપયોગી થાય અને જૈન માઈનોરિટીનો લાભ લઈ સ્કોલરશીપ મેળવી શકાય તે માટે ઉપયોગી માર્ગદર્શન કુણાલ ડાઘા દ્વારા યુ-ટ્યુબ ઉપર વિડીયો દ્વારા અપાઈ છે. જેની લીંક https://youtu.be/yz7qJ58INk0 છે. તેઓ આ અગાઉ ગુજરાત સરકારની યોજના વહાલી દીકરી વિષયે માહિતી વિડીયો પણ તેમણે બનાવી યુ-ટ્યુબ ઉપર મૂક્યો છે. જૈન માઈનોરિટીના લાભ પામવા વિષેનું તલસ્પર્શી માર્ગદર્શન આપતો. ૫.૧૧ મિનીટનો વિડીયો જ્ઞાતિના દરેક વિદ્યાર્થી ઓએ જોઈ તેની માહિતી આત્મસાત કરી લેવી જોઈએ. આ ઉપરાંત વિશેષ માર્ગદર્શન મેળવવા કે એના વિશેના સવાલ કરવા તેમના વોટ્સએપ નંબર ૭૫૬૭૧૧૮૫૯૯ ઉપર સંપર્ક કરી શકાશે.

આ સ્કોલરશીપ બે પાર્ટમાં મળે છે. પ્રી મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક આ યોજનાની લીંક પોર્ટલ માત્ર સપ્ટે. ઓક્ટો. નવે. માસ દરમ્યાન ખુલ્લી રહે છે. જેમાં ઓનલાઈન ફોર્મ સબમિશન કરવું પડે છે. આ માટેની વેબસાઈટ www.nsp.gov.in છે. આ સ્કીમનો લાભ લેવા માટે વિદ્યાર્થીનો આધાર કાર્ડ, બેંક ખાતાની વિગત, છેલ્લાં અભ્યાસ વર્ષનું રીઝલ્ટ અને વાલીના આવકના પ્રૂફ જરૂરી છે. સ્કૂલ-કોલેજની વાર્ષિક ફી રૂ. ૫૦ હજારથી વધુ હશે તો કોલેજ ફી રસીદ, હોસ્ટેલ રસીદના પુરાવ સંલગ્ન કરવા પડે છે. જે વિદ્યાર્થી ૫૦ ટકાથી વધુ માર્ક મેળવ્યા હોય એ આ યોજનાનો લાભ પ્રાપ્ત કરી શકે છે.

આ ફોર્મ ઓન લાઈન ભરતાં શું શું સમસ્યા કે ક્યુરી આવશે અને તેનુ શું નિરાકરણ કેવી રીતે લાવવું એનું ઉપયોગી અને સચોટ માર્ગદર્શન કુણાલ ડાઘાએ સરળ અને સ્પષ્ટ રીતે આપ્યું છે. વિદ્યાર્થીઓએ આ ઉપયોગી વિડીયો યુ ટ્યુબ લીંક પર જરૂરથી જોવો જોઈએ.

## સુથરી તીર્થના શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની ૧૮૨મી વર્ષગાંઠનો ધ્વજારોહણ ધર્મભાવથી થયો

અબડાસાની પંચતીર્થીના શ્રી ધૃતકલ્લો પ્રાર્શ્વનાથ દાદાની ૧૮૨મી વર્ષગાંઠ અવસરે પ.પૂ.સા.શ્રી મહાયશાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં ધ્વજારોહણ મહોત્સવ તા. ૩૦ એપ્રિલ ગુરૂવારના રોજે વર્તમાનમાં પ્રર્વતતા સમય અને સંજોગોને આધિન રહી સાદાઈથી છતાં ધાર્મિક વિધિ વિધાન પૂર્વક સંસ્થાના કર્મચારીઓ દ્વારા થયેલ.

અત્રેના સંઘ માટે ખુશીના ખબર એ છેકે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજીની આજ્ઞાથી આ વર્ષનું ચાતુર્માસની આજ્ઞા પ.પૂ.મુનિરાજશ્રી હિતવર્ધન સાગરજી મ.સા.ને અપાયેલ છે.



## કોઠારા તીર્થે પ.પૂ.સા.શ્રી આનંદ કિરણાશ્રીજીનું તા. ૨૯ જૂનના ચાતુર્માસ પ્રવેશ

કચ્છની મોટી પંચતીર્થીના ઐતિહાસિક કોઠારા તીર્થમાં પ.પૂ.આ.ભ.શ્રી આનંદ કિરણાશ્રીજી મ.સા.ને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરજી મ.સા. દ્વારા ચાતુર્માસ આજ્ઞા મળેલ છે. પૂજ્યશ્રી સાધ્વીશ્રીજી મ.સા.નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ અષાઢ શુકલ પક્ષ દસમ સોમવાર તા. ૨૯ જૂન ૨૦૨૦ સવારે ભવ્યતાથી થશે. આ પ્રસંગ અવસરે સંઘના આંગણે પધારવાનું સૌને ભાવભર્યુ આમંત્રણ છે. અનુકુળતા ધરાવી સૌ લાભ લે એજ ભાવના.

## જખૌ તીર્થ રત્નટૂંક સંકૂલ ખાતે પ.પૂ.સા.શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ને ચાતુર્માસ માટે આજ્ઞા મળી

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.એ કચ્છનાં ગુણનગર બોંતેર જિનાલયથી પ.પૂ. સા.શ્રી. કાવ્યગુણાશ્રીજી મ.સા.ને જખૌતીર્થના રત્નટૂંક જિનાલયમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા ફરમાવેલ છે.

## નલિયા તીર્થમાં પ.પૂ.સા.શ્રી મોક્ષ દર્શનાશ્રીજી મ.સા.ને ચાતુર્માસની આજ્ઞા

કચ્છ ગુણનગર બોંતેર જિનાલય તીર્થમાં બિરાજમાન અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.એ તા. ૨૫ એપ્રિલના નલિયાતીર્થ સંઘમાં પ.પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સા.શ્રી મોક્ષ દર્શનાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ને ચાતુર્માસ કરવાની આજ્ઞા આપી છે.

## રાયધરજણ સંઘમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા અપાઈ

કચ્છના રાયધરજણ સંઘમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ને મળી છે. આ આજ્ઞા અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.એ અનુમતિ પત્ર લખી આપી છે.

## મુલુંડ પૂર્વ સંઘમાં પ.પૂ.કલાપ્રભ સાગરસૂરિશ્વરજી મ.સા.ને ચાતુર્માસ આજ્ઞા મળી

કચ્છના બોંતેર જિનાલયમાં બિરાજમાન અચલગછાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.એ સાહિત્ય દિવાકર પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસૂરિશ્વરજી મ.સા. આદિઠાણાને મુલુંડ(પૂર્વ) જૈન સંઘમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા આપેલ છે.

## કચ્છ માંડવી અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ ૨૪ જૂન દિવસે

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.એ કચ્છ માંડવીના અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા પ.પૂ. સાધ્વીશ્રી પૂર્ણ ગુર્ણાશ્રીજી મ.સા. આદિઠાણાને આપેલ છે. પૂજ્યશ્રી મ.સા. આદિઠાણાનો ચાતુર્માસ પ્રવેશ તા. ૨૪ જૂન ૨૦૨૦ બુધવાર અષાઢ સુદ ચોથને દિવસે ભવ્યાતાથી થશે.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ-સિટીમાં ચાતુર્માસ આજ્ઞા મળી

તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૪ના દેશના ૨૯મા રાજ્ય બની તેલંગણા નામ સ્વીકારનાર પૂર્વેના આંધ્રપ્રદેશના જોડીયા રાજ્યની રાજધાની હૈદ્રબાદ સિટીના શ્રી અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.પ્રવર્તિની મહતરાશ્રી રત્નરેખાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી આદિઠાણા ૩ને ચાતુર્માસ કરવાની આજ્ઞા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી. ગુણોદયસાગર સૂરિશ્વરશ્રી મ.સા. તા. ૨૫ એપ્રિલના પત્ર લખી આપી છે.

# ગોરેગાંવ સંઘમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા મળી

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.એ બોંતેર જિનાલયતીર્થથી તા. ૨૫ એપ્રિલના શ્રી ગોરેગાંવ અચલગચ્છ જૈન સંઘને પત્ર લખી અચલગચ્છાધપતિના આજ્ઞાવર્તિની પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સાના શિષ્યાઓને ચાતુર્માસ કરવાની આજ્ઞા આપી છે.

# કાંજુરમાર્ગ અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ આજ્ઞા મળી

કચ્છના ગુણનગર બોંતેર જિનાલયતીર્થે બિરાજમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.એ સંવત ૨૦૭૬ વર્ષના આગામી ચાતુર્માસ પર્વ કાંજુરમાર્ગ અચલગચ્છ જૈન સંઘ માટેની આજ્ઞા પ.પૂ. સાધ્વીશ્રી રમ્યકિરણાશ્રીજી મ.સા.ને આપેલ છે.

# ડોંબિવલીએ સંઘમાં પ.પૂ.સા.શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ નક્કી થયું

અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં પ.પૂ.સાધ્વીશ્રી અનંતકિરણાશ્રીજી મ.સા. આદિઠાણાને ચાતુર્માસ કરવાની આજ્ઞા અચલગ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી આ. એ આજ્ઞા પ્રદાન તા. ૨૫ એપ્રિલ શનિવારના એક પત્ર લખી આપી છે.



# ખાનદેશ પ્રાંતના પારોલાતીર્થના શાંતિનાથ જિનાલયનો ૧૬૧મો ધ્વજારોહણ મહોત્સવ ઉત્સાહથી પૂર્ણ થયો

મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતના જલગામ નગર પાસેના પારોલો તીર્થમાં શ્રી શાંતિનાથ જિનાલયનો ૧૬૧મો ધ્વજારોહણ મહોત્સવ ઉત્સાહ, ઉમંગ સાથે ભવ્યતાથી સંપન્ન થયો. પ.પૂ. સા.શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની પાવનકારી નિશ્રામાં સંઘના શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય ઉપસ્થિત સાથે આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ.










**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# પ્રમુખશ્રી નયન અશોકનો જ્ઞાતિજોગ સંદેશ



શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને મુંબઈ મહાજનનો કાર્યભાર નવી કમિટીએ સંભાળ્યું. સૌને ભાવપૂર્વક રૂબરૂ મળીએ એવો ભાવ ધરાવતા હતા. ત્યાં કોરોના વાઈરસને કારણે લોકડાઉન આવી ગયો. છતાં મળવાની તીવ્ર ઈચ્છા હતી. સતત નવું કરવાનો ભાવ સદૈવ હોય છે. એમાંથી વિચાર જન્મયો યુ-ટ્યુબના માધ્યમથી સૌને મળવાના નવતર પ્રયોગનો ગીત સંગીત માણવા સાથે આ પ્રયોગને દસ હજારથી વધુ જ્ઞાતિજનોએ દિલથી માણ્યો. સૌનું ઈન્વોલ્વમેન્ટ, મેસેજીસ ચેટિંગ પર એક્ટિવ અપ્રોચ, વોટ્સએપ પર પ્રોત્સાહક સંદેશાની ભરમાર આ બધું અકલ્પનીય અને અદ્‌ભૂત પ્રતિસાદ સભર રહી. આપ સૌના સાથ સહકારથી સફળ રહ્યાં અને કમિટીને બળ અને પ્રોત્સાહન મળ્યાં.

સંગીત કાર્યક્રમની સફળતા માટેનો શ્રેય સ્વર સામ્રાજ્ઞી સંજીવની ભેલાંદે ને છે. જેમણે બેકલાક મોબાઈલ સમક્ષ બેસીને દર્શકોની વાસ્તવિક હાજરી વિના ચારચાંદ લગાવી દીધા. ગણતરીના કલાકોમાં કચ્છી ગીત ગજિયો અને કેડીઓ ગૌરવ ગીત તૈયાર કરી રજૂ કર્યા. ગામનાં અને દાતાઓના નામોચ્ચારમાં ભૂલ થતાં નિખાલસતાથી સૌને મિચ્છામી દુક્કડમ પણ કહ્યા. સફળતાનો શ્રેય મુંબઈ મહાજનની સંપૂર્ણ ટીમને છે. જે કાર્યક્રમ પૂર્વે મળેલા ટૂંકા સમયમાં જ્ઞાતિજનો તથા દાતા સુધી પહોંચીને કમાલની સફળતા અપાવી.

કોરોનાની અસર કેટલી લાંબી ચાલવાની છે તેની કોઈની કલ્પના નથી. પરિવારોને આર્થિક તકલીફો, નોકરિયાત તેમજ મધ્યમ વર્ગને સૌને પ્રોબ્લેમ થવાના નાના મોટા બિઝનેસ હાઉસ, ઉદ્યોગપતિઓને પણ વિવિધ સમસ્યાઓ થવાની આવા સમયે સમાજના તમામ લોકો સૌ સાથે જોડાઈ પરસ્પરને મદદરૂપ થાય એવી ભાવના સાથે જન્મ થયો છે. શાલીભદ્ર સાધર્મિક યોજનાનો આ ભંડોળ સમગ્ર જ્ઞાતિનું છે. જેને સમસ્યા હોય તે મદદ મેળવી શકે.

યોજનામાં લઘુતમ દાનની અપેક્ષા રૂા. ૨૫૦૦૦ છે. બે દાનવીરોએ પાંચ પાંચ લાખ રૂપિયા આપ્યાં છે. તે ઉપરાંત ૧૧૧ જણએ રૂા. ૨૫ હજાર આપવાનો લાભ લીધેલ છે. અમુક સ્વજનોએ એવી ભાવના સહ વિનંતી કરી કે ભંડોળ અપેક્ષા રૂા. ૨૫ હજારથી ઓછી રાખીએ તો વધુ લોકો જોડાઈને લાભ લઈ શકે. આ ભાવનાનું સન્માન કરતા યોગ્ય નિર્ણય લઈશું.

છેલ્લે એટલું ઉમેરીને વિરમીશ કે સંપ, સહયોગ, સાથ અને સેવા કરવામાં જીવનની સાર્થકતા છે.

## શાલીભદ્ર સાધર્મિક સહાય મેળવવા આવેદન પત્ર ભરવાની વિનંતી

હાલે છેલ્લાં બે માસથી કોરોના મહામારીની સામે લડવા સરકાર દ્વારા લોકડાઉન લદાયો છે. ભારતભરના ક.દ.ઓ. જૈન જરૂરિયાતમંદ પરિવારોને વિનંતી કે તેઓ શાલીભદ્ર સાધર્મિક સહાયના ફોર્મ ગુગલ https://bit.ly/3aVi8nc થી પરિવાર દીઠ ભરી મોકલવા. જો ઉપરોક્ત લીંકથી ફોર્મ ભરવાનું શક્ય ન હોય તો આપેલ ફોર્મ સંપૂર્ણ વિગત સાથે ભરી તેનો ફોટો નાચે લખેલ કાર્યકર્તાઓને વોટ્સઅપ કરવા વીરેન્દ્ર લોડાયા - ૯૮૨૧૦૭૩૮૩૦, ચેતન મોતા - ૯૩૨૨૨૮૨૯૯૩, વિજય સોની - ૯૫૯૪૬૯૨૬૯૨, ભૂપેન્દ્ર ડાઘા - ૯૮૧૯૮૮૩૫૨૨.

# મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પેટ્રોન બનાવાનો સિલસિલો જારી

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મેડિકલ સમિતિ દ્વારા સંજીવની પેટ્રોન દાતાઓ નોંધવાનો સિલસિલો જારી રહ્યો છે. પરમાર્થની ભાવના ધરાવી જ્ઞાતિજનોને ઉપયોગી થવા આગળ આવ્યા છે. એવા ઉદારહિત પરિવારોમાં રૂા.૫૦ હજારના યોગદાન સાથે સુર્વણ પેટ્રોનશ્રી ખીરેન્દ્ર ગૌવિંદજી લોડાયાની પુણ્યતિથિના અવસરે હસ્તે ઉષાબેન ખીરેન્દ્રભાઈ લોડાયા નલિયા વડોદરા તથા રૂા.૨૫ હજારના યોગદાન આપી સંજીવની સિલ્વર પેટ્રોન તરીકે મુલજી રાઘવજી લોડાયા સાંધવ-દાદર પોતાનું નામ યાદીમાં સામેલ કરાવ્યું છે. દાતાઓની સઢળક અનુમોદના.

# કોરોનાના પ્રકોપ વચ્ચે પરબ શક્તિ સંજીવની સોસાયટીનો પ્રકલ્પ

કોવીડ-૧૯ના સકંજામાં ફસાયેલા મુંબઈના અંતરિયાળ વિસ્તારોમાં ફેલાયેલા આપણા કે.ડી.ઓ. કુટુંબો માટે, પરબ શક્તિ સંજીવની સોસાયટીની બહેનોએ છેલ્લા કેટલાક દિવસોમાં એક ખૂબ જ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. માનવતાના આ કાર્ય માટે શ્રેષ્ઠીવર્ય શ્રી પદમશી લઘુભાઈ સોની (ગામ-સુથરી હાલ જુહુ)ના સૌજન્યથી કુલ ૫૫૦ અનાજની કિટ બનાવી, દરેક ઘરે, જરૂરતને જોતાં, એક-એક કિટ સીધી જ પહોંચાડવામાં આવી. દરેક કિટમાં ૫ કિલો ઘઉંનો લોટ, ૫ કિલો ચોખા, ૩ કિલો તુવેર દાળ, ૧ કિલો ખાંડ, ૧ કિલો તેલ, ૧ કિલો ઘી, ૧ કિલો ગોળ, અને ૧/૪ કિલો ચા-પત્તી શામેલ કરી લેવામાં આવ્યા હતાં. મસ્જિદબંદરથી લઈને માટુંગા ઘાટકોપર, ભાંડુપ, કાંજુરમાર્ગ, મુલુંડ ચેકનાકા, થાણા,વાશી, કલવા, ભિવંડી, કલ્યાણ, દીવા, અગાસન, બદલાપુર, વિઠલવાડી, ઠાકુરલી, અંબરનાથ, ઉલ્હાસનગર, શાહપુર, ડોમ્બિવલી,

ગોરેગાંવ, દહિસર, વસઈ, વિરાર, અગાસી અને નાલાસોપારા સુધીનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો હતો. ડોમ્બિવલી મંડળ દ્વારા માસ્ક અને સેનિટાઈઝરની ૫૦ મિલિ.ની બોટલનું વિતરણ કરાયું અને શ્રી ડોમ્બિવલી વેલ્ફેર ગ્રુપ દ્વારા પરબની કિટ સાથે ડોમ્બિવલીમાં ૧ લિટર ટેટ્રાપેક દૂધનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. મુંબઈના કોઈપણ ખૂણે કોઈ જરૂરતમંદ જ્ઞાતિભાઈ બાકી ન રહી જાય તેની ખાસ કાળજી રાખવામાં આવી હતી. પરબના આ પ્રોજેક્ટમાં શ્રી કે.ડી.ઓ. ડોમ્બિવલી મંડળ, ડોમ્બિવલી યંગસ્ટર્સ ગ્રુપ, ડાયનેમીક યુથ ફોરમના સભ્યો, સ્વસ્તિક ગ્રુપ, તેમજ કે.ડી.ઓ. જૈન સંઘ ભાંડુપ, મુલુંડ ચેકનાકા તથા થાણા, વિરારનાં કાર્યકર્તાઓનો ભરપૂર સાથ અને માર્ગદર્શન મળ્યા, જેને માટે પરબ સંસ્થા આ સહુની આભારી છે.


**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

**મેડિકલ સમિતિ**

KDO

KDO SANJIVANI

પરોપરકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભાવો ...



**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**સાંધવ, દાદર**

**Rs. 25,000**

**સંજીવની સિલ્વર પેટ્રોન**

# સમસ્ત વિશ્વ જૈન ધર્મના આદર્શોનું ચુસ્તાઈથી પાલન કરી રહ્યું છે



આજે સમગ્ર વિશ્વ કોરોના વાયરસના પ્રકોપથી સર્વસ્તરે યુદ્ધ લડી રહ્યું છે. અદ્રશ્ય જીવાણુઓ સામેના આ સંગ્રામને લીધે સૌએ પોતાની જીવન શૈલી આહાર વિહારની સાથે જીવનના નીતિ નિયમો બદલવા પડ્યા છે. એક રીતે જોઈએ તો જૈન ધર્મના મૂળભૂત આદર્શોનું અમલ કરી રહ્યું છે. જેમાં મૂહપતિ લગાવવી માસ્ક બાંધવું, અહિંસક આહાર એટલે શાકાહારી ભોજન, સંઘેટા-સોશ્યલ ડિસ્ટેન્સીંગ, અલગાવ-કોરન્ટાઈન અને સ્મયક એકાંત આઈસોલેશન.

જૈન ધર્મના આ સર્વે સિદ્ધાંત-મૂલ મંત્ર છે. જીવહિંસાની ઉપર કાળો કેર કરવાથી આ વેળા ભોગવવાની આવી છે મનુષ્ય જાતિને. 'જો રાખી હોત અહિંસા, ત્યાગ, સંયમ અને કરૂણા તો ન જોવો પડત આ જનમારામાં કોરોના.' જૈન જયતિ શાસનમ

# ડોંબિવલીના સમસ્ત જૈનના સાધર્મિક પરિવારો માટે સાધર્મિક ભક્તિ યોજના

કોરોના મહામારીના કારણે છેલ્લાં બે મહિનાનો લોકડાઉન આખા દેશમાં અમલમાં આવ્યો છે. આ કપરાકાળમાં ડોંબિવલીના ચારેય જૈન ફિરકાના જરૂરિયાતમંદ સાધર્મિક પરિવારોને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓની કીટ આપી ભક્તિ કરવામાં આવશે. દાતોઓના સહયોગથી આ સાધર્મિક ભક્તિ યોજનાની વ્યવસ્થા આયોજનનો લાભ શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીને સુયોગે પ્રાપ્ત થયો છે.

સાધર્મિક પરિવારએ આ સાથેનું ગુગલ ફોર્મભરી મોકલી આપવું. ફોર્મ ભરવામાં કાંઈ અડચણ પડે તો આપના સંઘના કાર્યકરોનો સંપર્ક કરવો ફોર્મ મોકલવાની અંતિમ તારીખ ૭ મે ગુરૂવાર છે. વિતરણ તા. ૧૦ મે રવિવારથી તા. ૧૫ મે ૨૦૨૦ શુક્રવાર દરમ્યાન થશે. એવી સુચના શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી સંચાલિત શ્રી ગુણ વાત્સલ્ય સાધર્મિક કેન્દ્ર ડોંબિવલી દ્વારા અપાઈ છે.

# કેડીઓ સ્ટુડન્ટ એસોસિયેશન આયોજિત બેટલ ગ્રાઉન્ડસ પબજી મોબાઈલ ટૂર્નામેન્ટ




શ્રી કચ્છી દશા ઓસવાલ સ્ટુડન્ટ એસોસિયેશન દ્વારા તા. ૫મે ૨૦૨૦ મંગળવાર સાંજે ૫ કલાકે બેટલ ગ્રાઉન્ડ પબજી મોબાઈલ ટુર્નામેન્ટ આયોજિત કરાઈ છે. જેમાં ભાગ લેવા પ્રત્યેક સ્કોડ-ટુકડી ટીમ દીઠ રૂા. ૫૦ એન્ટ્રી ફી રખાઈ છે. આજની યુવા પેઢીની મનગમતી મોબાઈલ ગેમ PUBG પ્લેયર અનનોન બેટલ ગ્રાઉન્ડ જેનો સામાન્ય ભાષામાં અર્થ થાય છે. અજાણી ધરતી પર યુદ્ધ. આ ટુર્નામેન્ટ માટેની લીંક વિદ્યાર્થી સંઘ દ્વારા અપલોડ કરાશે. આ સ્પર્ધા માટેના નિયમો પ્લેયર ટીમએ ફોલો કરવા પડશે. વધુ વિગત માટે મીત મૈશેરી મો.નં. ૯૯૬૭૩૮૦૩૪૭ નો સંપર્ક કરવો.



**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સલામ છે ઉર્વશી ખોનાને

## હાથ પર હોમ ક્વૉરન્ટીનનો સ્ટૅમ્પ હોવા છતાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પર ફરતા દુબઈ-રિટર્ન્ડ લોકોને પકડાવ્યા NewsX ની આ ડેરિંગ જર્નલિસ્ટે




સોમવારે ઇલેક્ટ્રૉનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયાના ૫૩ રિપોર્ટરોની કોરોનાવાઇરસની ટેસ્ટ પૉઝિટિવ આવ્યા પછી ઇંગ્લિશ ન્યુઝ-ચૅનલ NewsXની પ્રિન્સિપલ કૉરસ્પૉન્ડન્ટ ઉર્વશી ખોનાનો રિપોર્ટ નેગેટિવ હોવા છતાં ઑફિસે તેને વર્ક ફ્રૉમ હોમ કરવા કહી દીધું છે. ત્યાં સુધી ૩૧ વર્ષની ઉર્વશી ખોના લૉકડાઉનના સમયમાં ફીલ્ડ પર ડ્યુટી કરી રહી હતી. ઉર્વશી છેલ્લાં ૧૧ વર્ષથી ઇલેક્ટ્રૉનિક મીડિયા માટે કામ કરી રહી છે.

કોરોનાવાઇરસના પૉઝિટિવ કેસ દેશભરમાં પ્રકાશમાં આવવા લાગ્યા એટલે તરત જ પહેલાં મહારાષ્ટ્રમાં ૨૨મી માર્ચે લૉકડાઉનની જાહેરાત થઈ. ત્યાર પછી ૨૪ માર્ચે નરેન્દ્ર મોદીએ લૉકડાઉનની જાહેરાત કરી. એ પછી સામાન્ય જનતા એનું કેટલું પાલન કરે છે તથા શહેર અને ઉપનગરોની પરિસ્થિતિ કેવી છે એ જોવા માટે પત્રકારો ફીલ્ડમાં નીકળ્યા હતા. એમાં કચ્છી રિપોર્ટર ઉર્વશી ખોના પણ હતી. ઉર્વશી અને તેનો કૅમેરામૅન મરીન ડ્રાઇવ, નરીમાન પૉઇન્ટ જેવાં સ્થળોએ ફરતાં-ફરતાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પહોંચ્યાં. ત્યાંનું દૃશ્ય જોઈને ઉર્વશી દંગ થઈ ગઈ.

તે કહે છે, 'અમે લૉકડાઉનનું શહેરમાં કેવું પાલન થઈ રહ્યું છે એ જોવા નીકળ્યા હતા. જે લોકો રોમિંગ કરતા દેખાતા હતા એમને અમે પૂછતા હતા કે લૉકડાઉન છે તો પણ તમે કેમ બહાર નીકળ્યા છો? તમારે એવું શું અર્જન્ટ કામ છે? આવા ઇન્ટરવ્યુ કરતાં-કરતાં અમે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પહોંચ્યા. ત્યાં એકદમ શૉકિંગ દૃશ્ય હતું. ટ્રેનો બંધ હોવા છતાં લોકોની ભીડ સ્ટેશન પર હતી.'

ઉર્વશી ખોના ભીડમાં ઊભેલા લોકોને તેઓ સ્ટેશન પર શા માટે ઊભા છે એમ પૂછી રહી હતી ત્યાં જ તેની નજર એક વ્યક્તિ પર ગઈ જેના હાથ પર હોમ ક્વૉરન્ટીનનો સ્ટૅમ્પ હતો. એ વિશે જાણકારી આપતાં ઉર્વશી ખોના કહે છે, 'મેં એ વ્યક્તિને પૂછ્યું કે ક્યાંથી આવો છો, ક્યાં જવાના છો, અહીં કેમ ઊભા છો? મારા સવાલના જવાબમાં એ વ્યક્તિ જે સાઉથ ઇન્ડિયન લાગતી હતી તેણે મને કહ્યું કે તે દુબઈથી આવ્યો છે. મેં તેને કહ્યું કે તારે તો હોમ ક્વૉરન્ટીન રહેવાનું છે, તું અહીં કેમ છે? એની સામે તેણે લૅન્ગ્વેજ ન સમજતો હોય એવો ડોળ કરીને જવાબ ન આપ્યો.'

# સલામ છે ઉર્વશી ખોનાને....

ઉર્વશી ખોના તરત જ ગવર્નમેન્ટ રેલવે પોલીસની ઑફિસમાં ગઈ અને ત્યાંના પોલીસ-અધિકારીનું ધ્યાન દોર્યું કે હોમ ક્વૉરન્ટીન હોવા છતાં એક વ્યક્તિ સ્ટેશન પર ઊભી છે. તરત જ પોલીસ-અધિકારીએ એ વ્યક્તિને કબજામાં લીધી અને તપાસ કરવાની શરૂઆત કરી. એ સમયે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પર અંદાજે ૧૮થી ૨૦ વ્યક્તિઓ હાજર હતી જેમણે હકીકતમાં ઘરમાં રહેવાનું હતું. એ બધી જ વ્યક્તિઓ દુબઈથી આવી હતી અને તેમને ઍરપોર્ટ પર ડાબા હાથમાં હોમ ક્વૉરન્ટીનનો સ્ટૅમ્પ મારવામાં આવ્યો હતો. પોલીસે તરત બધાને તાબામાં લઈ લીધા હતા.

ઉર્વશી ખોના કહે છે, 'પહેલા જ દિવસે હું બેજવાબદાર લોકો કેવી રીતે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પર ફરી રહ્યા છે એ મામલો પ્રકાશમાં લાવી હતી. આવા લોકોના સંક્રમણથી જ કોરોનાવાઇરસ ફેલાઈ શકે છે. આ પહેલાં કટોકટીના સમયમાં મેં ફીલ્ડમાં કામ કર્યું છે, પણ અત્યારનું કામ અત્યંત જોખમી છે. આ સંજોગોમાં પણ પૅશનથી કામ કરવું પડે છે. રિપોર્ટરનું એ જ પ્રોફેશન છે. તેના માટે એ જ તો અચીવમેન્ટ છે.'

ઉર્વશી હોમ ક્વૉરન્ટીન લોકોના સંક્રમણમાં આવી હોવાથી એ દિવસ પછી પોતાની સુરક્ષા માટે તેણે ૧૪ દિવસ હોમ ક્વૉરન્ટીનમાં જતા રહેવું પડ્યું હતું. ઉર્વશીના પરિવારમાં ઇન-લૉઝ અને તેના હસબન્ડ છે. તેના હસબન્ડ પ્રિન્ટ મીડિયામાં રિપોર્ટર છે.

૧૪ દિવસ હોમ ક્વૉરન્ટીનમાં રહ્યા પછી ઉર્વશી ફરજ પર પાછી ફરી હતી. પહેલા દિવસે જ તેને ખરાબ અનુભવ થયો હોવા છતાં તે ફીલ્ડમાં કામે લાગી ગઈ હતી. જોકે ઑફિસમાં ભીડ ન થાય એ હેતુથી તેની ઑફિસમાં સ્ટાફને અને રિપોર્ટરોને ઑલ્ટરનેટ ડે ઑફિસમાં બોલાવતા હતા. એમાં ઉર્વશી ધારાવી જેવા જોખમી વિસ્તારમાં કવરેજ કરવા જતી હતી. ધારાવી એશિયાનો સૌથી મોટો સ્લમ વિસ્તાર છે જેના પર ઇન્ટરનૅશનલ મીડિયાની નજર હોય છે. આ વિસ્તારમાં તે કવરેજ કરવા જતી હતી.

ત્યાંનો અનુભવ જણાવતાં ઉર્વશી કહે છે, 'લૉકડાઉનના ગમે એટલા કડક નિયમો હોય, પરંતુ નાનકડી સ્લમમાં એકસાથે ૧૦થી ૧૫ જણ રહેતા હોય તેઓ તેમના ઘરમાં કેવી રીતે બેસી શકે? આ સંજોગોમાં અમારા માટે કવરેજ કરવું એક મોટો ટાસ્ક બની જતો હોય છે. ત્યાં એટલી ગીચતા છે કે સંક્રમણમાં આવતાં એક ક્ષણ પણ ન લાગે. અમને ઑફિસમાંથી અત્યારના આ મહામારીના સમયમાં સાવધાનીપૂર્વક રિપોર્ટિંગ કરવાની ઇન્સ્ટ્રક્શન્સ હતી. જેમ કે નાની-નાની ગલીઓમાં નહીં જવાનું, લોકોથી બે મીટરનું અંતર રાખીને વાત કરવાની, માસ્ક અને હૅન્ડગ્લવ્ઝ ફરજિયાત પહેરી રાખવાનાં, સૅનિટાઇઝર સાથે રાખવાનું, સમય મળે એટલે હાથને સૅનિટાઇઝ કરી લેવાના, કારને પણ સૅનિટાઇઝ કરવાની, કારમાં વિન્ડો તરફ જ બેસવાનું અને બાજુ-બાજુમાં નહીં બેસવાનું. આવા બધા જ નિયમોનું અમે પાલન કરીને ફીલ્ડમાં કામ કરીએ છીએ.'

જોકે માંડ-માંડ બધું વ્યવસ્થિત થઈ રહ્યું હતું ત્યાં જ સોમવારે ૫૩ પત્રકારો અને કૅમેરામેન પૉઝિટિવ આવતાં ઉર્વશીને તેની ઑફિસ તરફથી વર્ક ફ્રૉમ હોમ કહી દેવામાં આવ્યું હતું.

જેટલી ફીલ્ડમાં કામ કરવાની મજા છે એટલી ઘરે બેસીને કામ કરવામાં ન આવે એમ જણાવીને ઉર્વશી ખોના કહે છે, 'ઇલેક્ટ્રૉનિક મીડિયાનું કામ જ લાઇવ પ્રસારણ કરવાનું છે. જો અમે લાઇવ પ્રસારણ ન કરીએ તો એ ન્યુઝની વૅલ્યુ શું? અત્યારે અમે ઘરે બેસીને કેવી રીતે લાઇવ પ્રસારણ કરી શકીશું? ફીલ્ડમાં ઊતરવાથી એક ઘટનાના સાક્ષી બનીને, એની સ્ટડી કરીને લોકો સુધી ન્યુઝ પહોંચાડીએ છીએ જે અમે વર્ક ફ્રૉમ હોમમાં નહીં કરી શકીએ. આવા સંજોગોમાં અમારા કૅમેરામેન ફીલ્ડમાં રિપોર્ટર બની જાય છે. તેઓ વિડિયો શૂટ કરીને અમને મોકલે છે જેના પરથી સ્ક્રિપ્ટ બનાવીને અમે ઑફિસમાં મોકલીએ છીએ. એનું પછી પ્રસારણ થાય છે.'

# સમસ્ત મહાજન બીટુબી ટીમ દ્વારા ત્રીજા વેબિનારને મળ્યો સારો પ્રતિસાદ

સમસ્ત મહાજનની બીટુબી ટીમ દ્વારા તા.૩૦ એપ્રિલ ગુરુવાર રાત્રે ૮ કલાકે ઝુમ એપ પર લોજીસ્ટીક અને ટ્રાન્સપોર્ટ પર કિર્તી ઘરમશી અને નિમીત મોમાયાની મદદથી વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૮ જેટલા લોકોએ ભાગ લીધો હતો.

વેબિનારની શરૂઆત સમસ્ત મહાજનના સેક્રેટરી નિશીથ દંડ દ્વારા લોજીસ્ટીક અને ટ્રાન્સપોર્ટના બાબતમાં સૂચન આપી આગળની ભાગ દોડ રાજેશ મોમાયાને સોપી હતી.

રાજેશ મોમાયા, કિર્તી ઘરમશી અને નિમીત મોમાયાને લોકડાઉન ખુલ્યા બાદ આપણા જ્ઞાતિજનને કયા અને કેવી પરિસ્થિતિનો આપણા વ્યવસાયમાં સામનો કરવો પડશે એ બાબત પર ચર્ચા વિચારણા થઈ હતી.

કિર્તીભાઈ અને નિમીત દ્વારા ઉપરોક્ત મુદ્દાઓની ધંધાકીય પૂરી સમજ આપ્યા બાદ સવાલ-જવાબ રાઉન્ડમાં દરેક સવાલનો સંતોષકારક અને સરળ ભાષામાં જવાબ આપવામાં આવ્યા હતા.







## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# લોકડાઉનની પરિસ્થિતિમાં કોને શું શીખવા મળ્યું?!! એ વિશે જ્ઞાતિજનોના મંતવ્ય



## એક્સપેન્શનની ઉત્તમ તક

દુનિયામાં માનવતા હાજી જીવિત છે તથા ''પ્રોટેક્શન'' અને ''રિસ્ટ્રીક્શન'' વચ્ચેનું અંતર. ધંધા સમયની માંગ પ્રમાણે બદલાવ જરૂરી છે, સમય જ તમને બિઝનેસ એક્સપેન્શનની ઉત્તમ તક આપે છે!

લોકડાઉન સમય દરમ્યાન મને થયેલો સારો અને ખરાબ અનુભવ કહ્યું તો લોકડાઉનમાં લોકોમાં માનવતાના કામથી ઘણા લોકોનો મારી માટેનો નજરીયો બદલાયો તથા નવા મિત્રોનો સાથ મળ્યો. જ્ઞાતિમાં નરસી નાથાને લોકો કેમ આટલું માને છે એ સમજાયું.

રાજકીય નેતા હોવાથી લોકડાઉનમાં પણ બિનજવાબદાર લોકોને પ્રશાસનથી બચાવા પડ્યા. હાલની પરિસ્થિતિમાં મારો જ્ઞાતિમૈયાના વાચકો માટે સંદેશ એ છે કે સમય સમજો અને એમાંથી ઉત્તમ તકો શોધી કાઢો. બહાર બીજાને મદદ કરતા પહેલાં જોજો કે પોતાનો કોઇ ભાઈ મદદ માટે તરસી ના રહ્યો હોય.

**- કેવીન નવીનભાઈ વિક્રમશી (વડોદરા)**

## પરિવારની અહેમિયત સમજાઈ



સામાન્ય રીતે કહેવાય છે કે જ્યાં પરિવાર કામ ના આવે. ત્યાં મિત્રો જરૂર કામ લાગે પણ આ લોકડાઉન દરમિયાન શીખવા મળ્યું કે પરિવાર પણ એટલું જ કામ આવે છે. જેટલા મિત્રો. આ વખતે મિત્રો કદાચ કોઈ હેલ્પ કરવા માંગતા હોય તો લોકડાઉનના કારણે મદદ ના કરી શક્યા હશે જે સમયે પરિવારે કરીને બતાવી.

એક કહેવત છે ને 'મોર ના ઈંડા ચીતરવા ના પડે...' આ લોકડાઉનમાં જ્યારે હું મારા પરિવારને કામમાં મદદ કરૂ છું ત્યારે મારા પુત્ર ચિ.ભવ્યને કહેવુ નથી પડતું કે તું પણ મદદ કર.... ભવ્ય સામેથી ઘણા કામમાં દીપાલી(પત્ની)ને મદદ કરે છે.

કોરોના ને લઈને આજના નાના છોકરા જેટલા સજાગ છે એટલું કોઈ નથી. આજે ૪૦ દિવસ થયા લોકડાઉનને મોટો પુત્ર ભવ્ય બિલ્ડીંગની બહાર ગયો નથી અને બહાર જવાની ઈચ્છા કે જીદ પણ કરી નથી.

બધા જ એક જ વાત કરવી છે કે
Lockdown is not rcsrication but proatoction to us. So follow lockdown.
Stay Home Stay Safe
jay hind

**- ચંદ્રેશ દિનેશચંદ્ર નાગડા (નલીયા-વડોદરા)**

# લોકડાઉનની પરિસ્થિતિમાં કોને શું શીખવા મળ્યું?!! એ વિશે જ્ઞાતિજનોના મંતવ્ય



The first ever witnessed pandemic lockdown which is definitely taking our breath away.

The world has been into the worst situation where we experience fear, stress, anxiety. But we have the faith to see a ray of hope and fight the Covid 19. While it is a worldwide grave situation, the happy scene is how we have learnt to live positively even in this grave situation. Learning to stay happy and adapt and adjust to live the existing life despite of negativity all around.

THIS UNCERTAIN SITUATION BEST TEACHES US TO LIVE LIFE HAPPILY WITH WHATEVER WE GET AND HAVE.

All that happens, happens for the good. I am really blessed to have my dear ones safe and sound. Amidst Covid 19 I am pleased to see how the entire globe has united against the tough times.

My only request to the reader is to stay safe, follow laws and don’t forget to enjoy this wonderful time. Our boat against this Virus hurricane shall sail fast.

Regards,
**FORUM DHARAMSHI**



## નવરસની પળોનો સદ્ઉપયોગ કર્યો

લોકડાઉન શબ્દ જેટલો સુક્ષ્મ છે એટલો એનો અર્થ વિરાટ છે. પરિવાર સાથે ઉત્તમ સમય ગાળ્યો છે. જેની સામે દુનિયાના કોઈપણ ખૂણાનું વેકેશન જાણે ઝાંખુ પડે.

નાનપણથી સાંભળ્યું કે સમય બળવાન છે. પણ આજે અનુભવ્યું કે ભૌતિક સુખમાં વિચરતા આપણે શાશ્વત સુખથી વંચીત રહી ગયા હતા એ સમયે અનુભવ્યું. બહેનો માટે રોજના ૬ કલાક મનોરંજન, સામાન્ય જ્ઞાન, પાક શાસ્ત્ર કળા અને આધુનીક ટેકનોલોજીની વપરાશ કલા નિશુલ્ક શીખવાડી રહી છું જેથી અસંખ્ય બહેનોના મૂક આર્શીવાદ મળ્યા. મારા તરફનો એમનો નજરીયો બદલતા નવા મિત્રોની ભરમાર પણ મળી.

ઘણી વખત એવું થયું કે આપણા હાથ બંધાયેલા છે. નહિંતર સામાજીક ક્ષેત્રમાં કોઈને કોઈને મદદરૂપ ન થઈ શક્યાં.

ક્યારે પણ કોઈપણ વસ્તુ કે વ્યક્તિ કે વ્યક્તિના ગુલામ બન્યા વગર સ્વાવલંબી જીવન જરૂરી છે.

**– સૌ. કલ્પના દિપક ધરમશી (નવી મુંબઈ)**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO